### પૂર બાદ કાદવ અને ગંદકી દૂર કરવા ત્રણ બસોમાં ટીમ સુરત પહોંચી

# સુરતની મદદે વડોદરા મહાનગરપાલિકા, ૨૦૦થી વધુ સફાઈ કર્મચારીઓ રવાના

**સુરતને** ફરી સ્વચ્છ બનાવવા નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની કર્મચારીઓની પ્રતિબદ્ધતા



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

સુરત શહેરમાં તાજેતરમાં આવેલા ભારે પૂરના કારણે અનેક વિસ્તારોમાં કાદવ, કચરો અને ગંદકી ફેલાતા જનજીવન પ્રભાવિત બન્યું છે. પૂરના પાણી ઓસર્યા બાદ રોગચાળો ફેલાવાની શક્યતાને ધ્યાનમાં રાખી વડોદરા મહાનગરપાલિકાએ માનવતાવાદી અભિગમ અપનાવી સુરતની મદદ માટે સફાઈ કર્મચારીઓની ટીમ મોકલી છે.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા 200થી વધુ સફાઈ કર્મચારીઓને ત્રણ બસોમાં સુરત રવાના કરવામાં આવ્યા છે. આ ટીમ સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ સાથે મળીને વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરી રહી છે. રસ્તાઓ પર જમા થયેલા કાદવ, કચરો અને અન્ય ગંદકી દૂર કરીને શહેરમાં સ્વચ્છતા પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી સામાન્ય સ્થિતિ સર્જાય તે માટે રાજ્ય સરકાર પણ સતત કામગીરી પર નજર રાખી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને રાહત તેમજ સફાઈ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

# માંજલપુર પેટાચૂંટણી માટે વિશેષ નિરીક્ષકોએ તૈયારીઓની સમીક્ષા કરી

**જનરલ,** પોલીસ અને ખર્ચ નિરીક્ષકોની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાએ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

145-માંજલપુર વિધાનસભા બેઠકની આગામી પેટાચૂંટણી-2026 મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટીતંત્રે તૈયારીઓ તેજ કરી છે. આ અંતર્ગત ભારત ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત ત્રણેય વિશેષ નિરીક્ષકોની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાએ ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં જનરલ ઓબ્ઝર્વર મોહિત બુંદાસ, પોલીસ ઓબ્ઝર્વર સુનિલ કુમાર ચૌધરી અને ખર્ચ નિરીક્ષક આદિત્ય શુકલાએ જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, માંજલપુરના ચૂંટણી અધિકારી તેમજ વિવિધ ચૂંટણી સમિતિઓના નોડલ અધિકારીઓ સાથે ચૂંટણીની તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

નિરીક્ષકોએ અત્યાર સુધી હાથ ધરાયેલી ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરી આચારસંહિતાનો કડક અમલ સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર સતત નજર રાખવા, શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ પર કાર્યવાહી કરવા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પૂરતી પોલીસ વ્યવસ્થા ગોઠવવા ભાર મૂકાયો હતો.

ઉપરાંત, તમામ અધિકારીઓને ભારત ચૂંટણી પંચની માર્ગદર્શિકાનું અક્ષરશઃ પાલન કરવા અને મતદારો નિર્ભય બની મતદાન કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવા સૂચના આપવામાં આવી હતી. બેઠક બાદ ચૂંટણી પ્રક્રિયા વધુ સુચારુ અને પારદર્શક રીતે સંપન્ન કરવા માટે વિવિધ ટીમોને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

### ISSF મહિલા ઓપન ૫૦ મીટર ફ્રી રાઇફલ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ

# સાવલીની શૂટર મયુરી રાઠોડે રાજ્ય રાઈફલ શૂટિંગમાં સિલ્વર મેડલ જીત્યો

**ચાર વખત** નેશનલ રિનોન્ડ શૂટર રહેલી મયુરીએ યુવાઓને રમતગમત તરફ પ્રેરિત કરવાનો સંદેશ આપ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.10

વડોદરાની પ્રતિભાશાળી 50 મીટર રાઈફલ શૂટર મયુરી રાઠોડે અમદાવાદ ખાતે યોજાયેલી 62મી ગુજરાત રાજ્ય રાઈફલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ISSF મહિલા ઓપન 50 મીટર ફ્રી રાઈફલ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતી શહેરનું ગૌરવ વધાર્યું છે. સાવલી તાલુકા રાઈફલ એસોસિયેશન (STRA) તરફથી રમતી મયુરીએ રાજ્યના શ્રેષ્ઠ શૂટરો વચ્ચે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને આ સિદ્ધિ મેળવી છે.

મયુરીએ શૂટિંગ કારકિર્દીની શરૂઆત NCC દ્વારા કરી હતી, જ્યાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યા બાદ તેમણે શૂટિંગને કારકિર્દી તરીકે અપનાવ્યું હતું. મર્યાદિત આર્થિક પરિસ્થિતિ હોવા છતાં માતા-પિતાના સહયોગ અને કોચના માર્ગદર્શન હેઠળ તેમણે સતત મહેનત કરી સફળતા મેળવી છે. મોંઘા સાધનો અને તાલીમ જેવી મુશ્કેલીઓ વચ્ચે પણ તેમણે હિંમત હાર્યા વિના રમતમાં પ્રગતિ કરી છે.

મયુરી સતત ચાર વર્ષ નેશનલ રિનોન્ડ શૂટર તરીકે માન્યતા મેળવી ચૂકી છે. તેમની સિદ્ધિઓમાં ગુજરાત રાજ્ય ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ, અનેક સિલ્વર મેડલ તેમજ અનેક વખત ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયન બનવાનો સમાવેશ થાય છે. તાજેતરમાં જીતેલો સિલ્વર મેડલ તેમની કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ માનવામાં આવે છે.

મયુરીએ પોતાની સફળતાનો શ્રેય માતા-પિતા, કોચ, ટીમના સાથીદારો અને સાવલી તાલુકા રાઈફલ એસોસિયેશનને આપ્યો હતો. તેમણે જણાવ્યું કે રમતગમત શિસ્ત, આત્મવિશ્વાસ અને ધૈર્ય વિકસાવે છે. રાજ્ય સરકાર અને રમતગમત સંસ્થાઓ વધુ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવે તો વધુ યુવાનો, ખાસ કરીને યુવતીઓ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરી શકશે.

# સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાં ઈન્ટરવ્યૂ કૌશલ્ય પર નિષ્ણાત વ્યાખ્યાન

**કેમ્પસ** પ્લેસમેન્ટ માટે અંતિમ વર્ષના ૮૦ વિદ્યાર્થીઓને માર્ગદર્શન



(પ્રતિનિધિ) વડોદરા તા.10

વિદ્યાર્થીઓને કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યૂ માટે વધુ સક્ષમ બનાવવા સિવિલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા વ્યક્તિત્વ વિકાસ અને ઈન્ટરવ્યૂ કૌશલ્ય વિષય પર નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અંતિમ વર્ષના આશરે 80 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મનોવૈજ્ઞાનિક કાઉન્સેલર રુત્વી મુલે દ્વારા સંચાલિત સત્રમાં આત્મવિશ્વાસ, અસરકારક સંવાદ, ઈન્ટરવ્યૂમાં યોગ્ય રીતે જવાબ રજૂ કરવાની રીત અને વ્યવસાયિક વર્તન અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પ્રશ્નનો જવાબ આપતા પહેલાં થોડો વિચાર કરવાની, જવાબ ન આવડતો હોય તો ખોટી માહિતી આપવાને બદલે પ્રમાણિકતા દાખવવાની તેમજ પોતાની શક્તિઓને ઓળખીને તેના આધારે તૈયારી કરવાની સલાહ આપી હતી.

કાર્યક્રમના અંતે વિભાગના વડા હિતેશ ધામેચાએ વિદ્યાર્થીઓને કારકિર્દી વિકાસ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. વિભાગ દ્વારા રુત્વી મુલેનું સ્મૃતિચિહ્ન અને રોપો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર વ્યાખ્યાન વિદ્યાર્થીઓ માટે માહિતીસભર અને ઉપયોગી સાબિત થયું હતું, જેનાથી તેમને કેમ્પસ પ્લેસમેન્ટ દરમિયાન આત્મવિશ્વાસપૂર્વક ઈન્ટરવ્યૂ આપી સફળતા મેળવવામાં મદદ મળશે.

### વડોદરામાં બે દિવસીય નેશનલ સીએ સ્ટુડન્ટ્સ કોન્ફરન્સનો પ્રારંભ

# દેશના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થી AI, ટેક્સેશન, ઓડિટ અને સ્ટાર્ટઅપ્સ સહિતના વિષયો પર કરશે

**સીએ** કોર્સ ઓછા ખર્ચે ઉપલબ્ધ, સ્કોલરશિપ યોજનાનો વિદ્યાર્થીઓને લાભ : રાજેશ શર્મા



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)ના બોર્ડ ઓફ સ્ટડીઝ, વડોદરા બ્રાન્ચ અને વડોદરા બ્રાન્ચ ઓફ WICASAના સંયુક્ત ઉપક્રમે વડોદરાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરગૃહ ખાતે 'નક્ષત્ર-ધ રાઈઝ ઓફ લ્યુમિનરીઝ' નામની બે દિવસીય નેશનલ સીએ સ્ટુડન્ટ્સ કોન્ફરન્સનો પ્રારંભ થયો હતો. આણંદ અને ભરૂચ બ્રાન્ચના સહયોગથી યોજાયેલી કોન્ફરન્સમાં દેશભરમાંથી 1,000થી વધુ સીએ વિદ્યાર્થીઓ જોડાયા છે.

કોન્ફરન્સ દરમિયાન વિદ્યાર્થીઓ એઆઈ, સ્ટાર્ટઅપ્સ, ટેક્સેશન, ઓડિટ, વેલ્યુએશન, ડેટા એનાલિટિક્સ, કેપિટલ માર્કેટ્સ, પર્સનલ ફાઈનાન્સ, ડિજિટલ ટ્રસ્ટ, લીડરશિપ અને મોટિવેશન જેવા સમકાલીન વિષયો પર પ્રેઝન્ટેશન રજૂ કરી રહ્યા છે. સાથે જ વિદ્યાર્થીઓને પરસ્પર સંવાદ અને વ્યાવસાયિક નેટવર્કિંગની તક પણ મળી રહી છે.

આઈસીએઆઈના બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન રાજેશ શર્માએ જણાવ્યું હતું કે સીએ કોર્સ દેશના સૌથી ઓછા ખર્ચાળ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાંનો એક છે. કોર્સનો કુલ ખર્ચ આશરે રૂ.80 હજાર જેટલો થાય છે અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપની પણ વ્યવસ્થા છે. તેમણે જણાવ્યું કે સીએની માંગ સતત વધી રહી છે અને વિકસિત ભારતના નિર્માણમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને સીએ બની ઉજ્જવળ કારકિર્દી ઘડવા અપીલ કરી હતી.

## માંજલપુર પેટા ચૂંટણીના ચૂંટણી નિરીક્ષકોના સંપર્ક નંબરો જાહેર

(પ્રતિનિધિ) વડોદરા તા.10

માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભારતના ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ત્રણેય નિરીક્ષકોના સંપર્ક નંબરો જાહેર કરવામાં આવ્યા છે. માંજલપુર મતવિસ્તારમાં રહેતા નાગરિકો ચૂંટણીને લગતી બાબતો, ખર્ચ, કાયદો-વ્યવસ્થાને લગતા વિષયો અંગે રજૂઆત કરી શકશે.

જનરલ ચૂંટણી નિરીક્ષક શ્રી મોહિત બુંદાસનો મોબાઈલ નંબર 9428758362, પોલીસ ચૂંટણી નિરીક્ષક શ્રી સુનિલ કુમાર ચૌધરીનો મોબાઈલ નંબર 9427728661 તથા ખર્ચ ચૂંટણી નિરીક્ષક શ્રી આદિત્ય શુકલાનો મોબાઈલ નંબર 9428476347 ઉપર કામકાજના સમય દરમિયાન સંપર્ક કરી શકાશે.

જનરલ ચૂંટણી નિરીક્ષક શ્રી બુંદાસને પ્રેમાનંદ કક્ષ, એનેક્ષી બિલ્ડીંગ, સર્કિટ હાઉસ, વડોદરા ખાતે બપોરે ૧૨થી ૧ વાગ્યા દરમિયાન રૂબરૂ મળી શકાશે.

# વડોદરા ફાયર વિભાગનું હરિત અભિયાન, આઠ ફાયર સ્ટેશનો પર વૃક્ષારોપણ

**પર્યાવરણ** સંરક્ષણના સંદેશ સાથે આશરે 100 રોપાનું વાવેતર કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગ દ્વારા શુક્રવારે શહેરના વિવિધ ફાયર સ્ટેશનો પર વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. શહેરના 8 ફાયર સ્ટેશનો તેમજ ફાયર કંટ્રોલ રૂમ ખાતે એકસાથે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સવારે શરૂ થયેલા કાર્યક્રમમાં ફાયર વિભાગના અધિકારીઓ, સ્ટેશન ઓફિસરો અને જવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આશરે 100 જેટલા રોપાઓનું વાવેતર કર્યું હતું. પર્યાવરણને અનુકૂળ, વધુ ઓક્સિજન આપતાં તેમજ સુગંધિત ફૂલછોડની પસંદગી કરવામાં આવી હતી.

વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે વધતા પ્રદૂષણ અને આબોહવા પરિવર્તન સામે વૃક્ષારોપણ સૌથી અસરકારક ઉપાય છે. કાર્યક્રમ દરમિયાન માત્ર રોપા વાવવાનું જ નહીં પરંતુ તેના જતન, સંવર્ધન અને નિયમિત દેખરેખ રાખવાનો પણ સંકલ્પ લેવામાં આવ્યો હતો. વાવેલા રોપા ભવિષ્યમાં વિશાળ વૃક્ષો બની શહેરની હરિયાળી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### પ્રાકૃતિક કૃષિ પ્રમાણીકરણ અંગે વડોદરામાં તાલીમ-વર્કશોપ યોજાઈ

# ખેડૂતોને પ્રમાણપત્ર મેળવવામાં સરળ માર્ગદર્શન મળી રહે તે માટે વિશેષ તાલીમ અપાઈ

**સાત** જિલ્લાના કૃષિ વિભાગના 327 અધિકારીઓ અને ફિલ્ડ સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો



(પ્રતિનિધિ) વડોદરા તા.10

ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી (ગોપકા), અમદાવાદ દ્વારા સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ), વડોદરા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વડોદરા, નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર, પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના કૃષિ વિભાગના અધિકારીઓ અને ફિલ્ડ સ્ટાફ માટે પ્રાકૃતિક કૃષિ પ્રમાણીકરણ વિષયક એક દિવસીય તાલીમ-કમ-વર્કશોપનું આયોજન વરણા સ્થિત ત્રિમંદિરમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નાયબ ખેતી નિયામકો, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, આત્મા કચેરીનો સ્ટાફ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના અધિકારીઓ, મદદનીસ ખેતી નિયામકો, ખેતીવાડી અધિકારીઓ, ખેતી મદદનીશો, વિસ્તરણ અધિકારીઓ, ગ્રામસેવકો તેમજ બાગાયત વિભાગના અધિકારીઓ સહિત કુલ 327 તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો.

ગોપકાના ડાયરેક્ટર અને ઈવેલ્યુએટરે પ્રાકૃતિક કૃષિ પેદાશોના પ્રમાણીકરણની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજીકરણ, ગુણવત્તાના ધોરણો તેમજ ખેડૂતોને પ્રમાણપત્ર મેળવવામાં કેવી રીતે માર્ગદર્શન આપવું તે અંગે વિગતવાર માહિતી આપી હતી. તાલીમ દરમિયાન અધિકારીઓના પ્રશ્નોના જવાબ આપી વ્યવહારુ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

આ તાલીમથી ફિલ્ડ સ્તરના અધિકારીઓ પ્રાકૃતિક કૃષિ પ્રમાણીકરણ અંગે વધુ સક્ષમ બન્યા છે. પરિણામે પ્રાકૃતિક ખેતી અપનાવતા ખેડૂતોને પ્રમાણપત્ર મેળવવા માટે સરળ અને યોગ્ય માર્ગદર્શન મળી શકશે તેમજ રાજ્યમાં પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ પેદાશોના પ્રચાર-પ્રસારને પણ વેગ મળશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ) અને સંયુક્ત ખેતી નિયામક (જ.સ.), વડોદરા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# ભરૂચમાં પેટ્રોલ પંપ પર ઊભેલી એમ્બ્યુલન્સમાંથી મૃતદેહ મળ્યો

**કારેલા** ગામ નજીકની ઘટનાથી ચકચાર, FSLની તપાસ બાદ અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલાયો



(પ્રતિનિધિ) ભરૂચ, તા.10

ભરૂચ તાલુકાના કારેલા ગામ નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર આવેલા એક પેટ્રોલ પંપના કમ્પાઉન્ડમાં ઊભેલી એમ્બ્યુલન્સમાંથી શુક્રવારે એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પેટ્રોલ પંપના કર્મચારીઓમાં ભયનો માહોલ ફેલાયો હતો.

માહિતી મુજબ, લાંબા સમયથી પેટ્રોલ પંપ પર એક એમ્બ્યુલન્સ ઊભી હતી. શુક્રવારે સવારે તેની આસપાસથી દુર્ગંધ આવતાં કર્મચારીઓએ તપાસ કરતાં અંદર એક વ્યક્તિનો મૃતદેહ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં ભરૂચ તાલુકા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. સાથે જ એફએસએલ (FSL)ની ટીમે સ્થળ પર પહોંચી વૈજ્ઞાનિક તપાસ, ફોટોગ્રાફી અને જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો હતો.

પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતકની ઓળખ મેળવવા તેમજ એમ્બ્યુલન્સ ત્યાં કોણ મૂકી ગયું અને મૃત્યુનું ચોક્કસ કારણ શું છે તે જાણવા માટે સીસીટીવી ફૂટેજ, હોસ્પિટલો અને એમ્બ્યુલન્સ સેવાઓના રેકોર્ડની તપાસ હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મૃત્યુનું સાચું કારણ સ્પષ્ટ થશે.

## સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ, સ્માર્ટ મીટરિંગ ક્ષેત્રે નિઃશુલ્ક તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા તા.10

પલસાણા ખાતે ઈન્ટેલીસ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ડીજીવીસીએલ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ મીટરિંગ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) શરૂ કર્યું છે. તેનું ઉદ્ઘાટન ડીજીવીસીએલના એડિશનલ ચીફ એન્જિનિયર એન. જી. પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ કેન્દ્રનો હેતુ વીજ વિતરણ ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરવાનો અને ભારતના ડિજિટલ વીજળી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો છે.

કેન્દ્રમાં ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર, ગ્રાહક અને ફીડર મીટરની સ્થાપના, કન્ફિગરેશન, ઓપરેશન અને મેન્ટેનન્સ, રૂફટોપ સોલાર, નવીનીકરણીય ઊર્જા એકીકરણ સહિત પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. તાલીમ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને દેશના કોઈપણ રાજ્યના 18 વર્ષથી વધુ ઉંમરના ITI, ડિપ્લોમા અથવા B.Tech લાયકાત ધરાવતા ઉમેદવારો તેમાં જોડાઈ શકશે.

# અંકલેશ્વરમાં NDPS ના ફરાર આરોપીને SOGએ ઝડપી પાડ્યો

**ભરૂચ** SOG ટીમે ગુનામાં રૂ.૧૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) ભરૂચ,અંકલેશ્વર, તા.10

ભરૂચSOG ટીમે NDPS એક્ટ હેઠળ ફરાર ચાલતા એક આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ કાર્યવાહી અંકલેશ્વર શહેરના 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરવામાં આવી હતી.

ભરૂચ SOGના PI એ.વી. પાણમીયા અને તેમની ટીમે ATS ચાર્ટર મુજબની કામગીરી કરતા ફરાર આરોપીની શોધખોળ તેજ કરી હતી.તા.13 જાન્યુઆરી 2026ના રોજ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટની કલમ 8(સી), 21(બી), 18(સી) અને 29 હેઠળ ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં ફરાર ચાલતા આરોપી સાંતોષ જોગેશ્વર યાદવ (રહેઃ લક્ષ્મણનગર, મારૂતિધામ-2 પાસે, તા. અંકલેશ્વર, જી. ભરૂચ)ને ભોલાવ એસ.ટી. ડેપો નજીક રોડ પર ઉભેલા હાલતમાં બાતમીના આધારે શોધી કાઢવામાં આવ્યો.SOG ટીમે તાત્કાલિક ચેકિંગ કરી આરોપીની ઓળખ ચકાસી અને તેને કાયદેસર અટકાયતમાં લઈ કાર્યવાહી હાથ ધરી હતી.આ ગુનામાં કુલ રૂ.11.72 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપીને કોર્ટમાં રજૂ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# ભરૂચના છીપવાડમાં જર્જરિત મકાન પાલિકાએ તોડી પાડ્યું

**ગેલેરી** ધરાશાયી થતાં કાર્યવાહી, મુખ્ય માર્ગ પર હોવાથી રાહદારીઓ માટે સર્જાયું હતું જોખમ



(પ્રતિનિધિ) ભરૂચ, તા.10

ભરૂચ શહેરના છીપવાડ વિસ્તારમાં છેલ્લા 15 વર્ષથી બંધ પડેલા જર્જરિત મકાનને નગરપાલિકાએ આખરે તોડી પાડ્યું છે. થોડા દિવસ પહેલાં મકાનની ગેલેરી ધરાશાયી થતાં રાહદારીઓ માટે જોખમ ઉભું થયું હતું. ઘટનાને પગલે પાલિકાએ સ્થળે બેરિકેડિંગ કરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી.

છીપવાડમાં આવેલું મકાન નંબર ઈ-1827 મુખ્ય માર્ગ પર અને ઘાસમંડાઈ ચોક નજીક હોવાથી કોઈ મોટી દુર્ઘટના ન બને તે માટે પાલિકાએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પાલિકાના રેકોર્ડ મુજબ મકાનના માલિક વીજકોરબેન નગીનલાલ મરચાવાલા છે, જ્યારે ભાડુઆત તરીકે નટવરલાલ નાનાલાલ અધલખીયાવાળાનું નામ નોંધાયેલું છે. જોકે વર્ષોથી બંનેનો કોઈ સંપર્ક ન થતાં અને મકાન અત્યંત જોખમી બનતાં મુખ્ય અધિકારીએ પોતાની સત્તાનો ઉપયોગ કરીને તેને તોડી પાડવાનો નિર્ણય લીધો હતો.

ભરૂચના ચકલા, લાલબજાર, છીપવાડ, વેજલપુર, સોનેરી મહેલ, ફૂરજા અને કતોપોર બજાર જેવા જૂના વિસ્તારોમાં હજુ પણ અનેક જર્જરિત મકાનો આવેલા છે. ચોમાસા પૂર્વે પાલિકાએ આવા જોખમી મકાનોના માલિકોને 40 નોટિસો પાઠવી હતી. છીપવાડની કાર્યવાહી બાદ અન્ય જોખમી મકાનો સામે પણ પાલિકા કડક પગલાં ભરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## જી.આર. ભગત હાઈસ્કૂલમાં બે જોડી યુનિફોર્મનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરાતા.11

શ્રી ભાદરવા કેળવણી મંડળ સંચાલિત જી.આર. ભગત હાઈસ્કૂલ ખાતે આજે (11 જુલાઈ) શૈલી એન્જિનિયરિંગ પ્લાસ્ટિક લિમિટેડ, રાણીયાના સહયોગથી વિદ્યાર્થીઓને બે જોડી સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમ સવારે 9:30 કલાકે નાની જી.આર. ભગત હાઈસ્કૂલ અને સવારે 10 વાગ્યે મુક્તજીવન હોલ ખાતે યોજાશે. કંપનીના મેનેજમેન્ટની વિશેષ ઉપસ્થિતિમાં નર્સરીથી ધોરણ-12 સુધીના તમામ વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ આપવામાં આવશે. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે કંપનીની આ પહેલથી વાલીઓ પરનો આર્થિક બોજ હળવો થશે. શ્રી ભાદરવા કેળવણી મંડળે કંપનીનો આભાર વ્યક્ત કરી વાલીઓને કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અપીલ કરી છે.

### ખટંબા ડોગ શેલ્ટરમાં એનિમલ બર્થ કંટ્રોલ અને સારવાર માટે નવી સુવિધાઓ ઉભી કરાશે

# વડોદરા પાલિકાના વિકાસકામોને વેગ, ડોગ શેલ્ટર અને સ્વિમિંગ પૂલનું આધુનિકીકરણ શરૂ

**રાજીવ** ગાંધી સ્વિમિંગ પૂલ ખાતે નોન-સ્લીપરી ટાઇલ્સથી વધશે તરવૈયાઓની સુરક્ષા



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો અને પ્રાણીઓની સુખાકારીને ધ્યાનમાં રાખી વિવિધ વિકાસકામોને ગતિ આપવામાં આવી છે. વહીવટી વોર્ડ નં. 15ના બિલ્ડિંગ વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં શહેરને મહત્વપૂર્ણ સુવિધાઓનો લાભ મળશે.

રખડતા શ્વાનોની સમસ્યાના માનવીય ઉકેલ માટે ખટંબા ખાતે ડોગ શેલ્ટરના 'બ્લોક-ડી'નું નિર્માણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. કામગીરી પૂર્ણ થયા બાદ રખડતા શ્વાનોના એનિમલ બર્થ કંટ્રોલ (ABC) અને હડકવા વિરોધી રસીકરણની કામગીરી વધુ અસરકારક રીતે કરી શકાશે. ઉપરાંત ખસીકરણ બાદ શ્વાનોને સારવાર, દેખરેખ અને આરામ માટે જરૂરી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે તેમના આરોગ્ય અને સંરક્ષણ માટે ઉપયોગી બનશે. બીજી તરફ, શહેરના રમતગમત અને મનોરંજનના સ્થળોને વધુ સુરક્ષિત બનાવવા કલાદર્શન ચાર રસ્તા નજીક આવેલા રાજીવ ગાંધી સ્વિમિંગ પૂલ ખાતે પણ વિકાસકામો ચાલી રહ્યા છે. સ્વિમિંગ પૂલ પરિસરમાં નોન-સ્લીપરી ટાઈલ્સનું ફ્લોરિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી તરવૈયાઓ, તાલીમાર્થીઓ અને મુલાકાતીઓને લપસી જવાની શક્યતા ઘટે. આ કામગીરી પૂર્ણ થયા બાદ સ્વિમિંગ પૂલ વધુ સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક સુવિધાઓથી સજ્જ બનશે તેમજ નાગરિકોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ થશે.


## PUBLIC NOTICE

Under instructions from and on behalf of my clients, Mrs. Hasmita Vipul Amin and Mr. Miren Vipul Amin, residents of Vasco-da-Gama, Goa, it is hereby brought to the notice of the general public, all business associates, financial institutions, and all concerned parties that the husband of my client, Mrs. Hasmita, and the father of my client, Mr. Miren, namely the late Mr. Vipul Vishnuprasad Maganbhai Amin, son of the late Mr. Vishnuprasad Maganbhai Amin (father) and the late Mrs. Kusum Amin (mother), unfortunately passed away on August 7, 2021. It is further placed on record that the deceased's mother, the late Mrs. Kusum Amin, had executed a valid Will bequeathing her estate in equal portions to her legal heirs, namely the late Mr. Vipul Amin and Mr. Mayur Amin. Following his sad demise, my clients, Mrs. Hasmita Vipul Amin and Mr. Miren Vipul Amin, are the sole, absolute, and legal heirs and successors-in-interest to the entire estate, including all movable and immovable properties, assets, and business interests left behind by the deceased.

It is further notified that at the time of his passing, the late Mr. Vipul Vishnuprasad Maganbhai Amin was actively engaged in executing certain incomplete tasks and works on behalf of himself and his associated businesses. Consequently, all rights, titles, interests, and authorities regarding his properties, the aforementioned incomplete works, and his business operations now vest exclusively and absolutely in my clients.

In light of the above, strict warning is hereby given to the general public and all concerned entities not to enter into any kind of transaction - including but not limited to the sale, purchase, mortgage, lease, transfer, or any other financial or legal agreement - regarding the properties, incomplete works, or business affairs of the late Mr. Vipul Vishnuprasad Maganbhai Amin or any business or company he was operating, without the prior, express, and written legal consent of my clients.

**It is further brought to the notice of the general public that certain individuals, acting with mala fide intentions and ulterior motives, are attempting to illegally create third-party interests, encumbrances, or claims over the properties, assets, and business affairs of the late Mr. Vipul Vishnuprasad Maganbhai Amin. The general public is hereby strictly cautioned to stay away from such unauthorized persons and refrain from getting entangled in any dealings, negotiations, or agreements with them. Please be expressly advised that these individuals have absolutely no connection to, nor any legal right, title, or consent from, my clients. Any person choosing to deal with such individuals does so entirely at their own peril, and my clients shall not be held liable or responsible for any fraudulent or unauthorized acts committed by them.**

Please take strict notice that any transaction, agreement, or commitment entered into by any person or entity in contravention of this notice shall be deemed null, void, and illegal. Any individual or party proceeding with such unauthorized transactions shall do so entirely at their own risk and peril. They alone shall be held solely responsible for all civil and criminal legal consequences arising therefrom, and my clients shall not be bound by or held liable for any such unauthorized acts in any manner whatsoever.

Any person, firm, or company having legitimate claims, pending work, or requiring legal consent regarding the properties, incomplete tasks, or business of the late Mr. Vipul Vishnuprasad Maganbhai Amin is hereby requested to contact the undersigned to verify the facts and obtain the necessary legal consent before proceeding.

**For any inquiries, verification, or to obtain legal consent, please contact:**

**Nitin V. Patel**
**Legal Counsel for Mrs. Hasmita Vipul Amin**
Office Address: 311, Royal Plaza, Ved road , Surat.
Ph: 7588888753, C/O - 99133 94725 Email: Advpatelnitin@gmail.com